# પ્રકરણ : ૮

# ‘નિશાચક’ (કિશોર જાદવ) મનોવિશ્લેષણાત્મક અભ્યાસ

# ૮.: નિશાચક્ર (કિશોર જાદવ) : મનોવિશ્લેષણાત્મક અભ્યાસ :

## ૮.૧. : સર્જક પરિચય :

ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે આધુનિક વાર્તાકાર અને નવલકથાકાર તરીકે નામના મેળવનાર કિશોર કાલિદાસ જાદવનો જન્મ ૧૯૩૮ માં અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના આંબલિયાળા ગામે થયેલો. ૧૯૫૫ થી ૧૯૬૨ દરમ્યાન તેઓ વડોદરામાં નિવાસ કરે છે. એ સમય ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે આધુનિક યુગનો ઉષઃકાળ છે એટલે સહજતયા તેમના સર્જક માનસ પર આધુનિકતાવાદી વિચારધારાના વલણોની અસર થઈ હોય. ૧૯૬૦ માં તેમણે વડોદરાસ્થિત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડામાંથી બી.કોમ. ની પદવી પ્રાપ્ત કરી. ૧૯૬૫ થી તેઓ નાગાલેન્ડ રાજ્યાના કોહિમા ખાતે નોકરી અર્થે નિવાસ કરે છે. ૧૯૭૬ થી ૧૯૮૧ સુધી તેમણે ગુજરાત સાહિત્ય અકાદમીમાં મહામંત્રી તરીકે નોંધપાત્ર સેવા આપેલી.

કિશોર જાદવની સાહિત્યિક કારકિર્દીનો આરંભ વાર્તાકાર તરીકે થાય છે. એમની પ્રથમ વાર્તા 'પિશાચિની' રાધેશ્યામ શર્માએ 'યુવક'માં છાપેલી. ત્યાર બાદ ઉમાશંકર જોશીએ સંસ્કૃતિમાં 'સ્મૃતિવલય' નામની વાર્તા છાપી ત્યારથી તેઓ વાર્તાકાર તીરીકે પંકાઈ ગયા. ૧૯૬૯ માં તેમનો પ્રથમ વાર્તાસંગ્રહ 'પ્રાગૈતિહાસિક અને શોકસભા' પ્રકાશિત થાય છે. પ્રયોગશીલતા અને આધુનિક વલણોનું અનુરણન આ વાર્તાસંગ્રહની વાર્તાઓની આગવી લાક્ષણિકતા છે. ત્યારબાદ ૧૯૭૨ માં 'સૂર્યારોહણ', ૧૯૮૨ માં 'છદ્મવેશ', ૧૯૯૦ માં હિન્દીમાં તેમનો 'આગંતુક' નામનો વાર્તાસંગ્રહ પ્રકાશિત થયો. ૧૯૯૫ માં 'પ્રાગૈતિહાસિક અને શોકસભા' વાર્તાસંગ્રહની બીજી આવૃત્તિ 'યુગસભા' નામે પ્રગટ થઈ.

વાર્તા ઉપરાંત નવલકથા ક્ષેત્રે પણ તેમનું પ્રદાન ખૂબ નોંધપાત્ર છે. ૧૯૭૯ માં તેમની પ્રથમ નવલકથા 'નિશાચક્ર' પ્રકાશિત થાય છે. ત્યાર બાદ ૧૯૮૯ માં 'રિક્તરાગ' અને ૧૯૯૩ માં 'આતશ' નામની નવલકથાઓ પ્રકાશિત થાય છે. તો એતદ્ સામયિકમાં પ્રગટ થયેલી 'તદ્રા' કૃતિને તેઓ લઘુનવલકથા ગણાવે છે.

'નવી ટૂંકી વાર્તાની કળામીમાંસા', 'કિમર્થમ્' એ તેમના વિવેચનના પુસ્તકો છે. આ ઉપરાંત 'ડેઝ ઓવ વાઇલ્ડ ઓર્કિડ્ઝ' નામની આત્મકથા અંગ્રેજીમાં અને 'કોન્ટેમ્પરરી

ગુજરાતી શોર્ટ સ્ટોરીઝ'નું અંગ્રજી સંપાદન એ તેમની નોંધપાત્ર સેવા છે. આમ, કિશોર જાદવ આપણા એક જાગૃત સર્જક છે. તેમની એ સર્જકતાને વખતોવખત વિવિધ સંસ્થાઓએ પુરસ્કારી છે.

## ૮.૨. : 'નિશાચક્ર'નો મનોવિશ્લેષણાત્મક અભ્યાસ :

'નિશાચક્ર' એ કિશોર જાદવની પ્રથમ લઘુનવલ છે. ૧૯૭૯ માં જ્યારે આ લઘુનવલ પ્રગટ થાય છે ત્યારે ગુજરાતી સાહિત્યજગત પર આધુનિક આબોહવાનો પ્રભાવ છવાયેલો હતો. આ સમયગાળામાં સર્જકો સાહિત્યસર્જન ક્ષેત્રે અવનવા પ્રયોગો કરવાની સ્વતંત્રતા અને સ્વાયત્તા અનુભવતા હતા. જો કે એ ય સાચું છે કે આવી સ્વતંત્રતા અને સ્વાયત્તાના નશામાં કેટલાંક સર્જકોએ પ્રયોગશીલતાના નામે પ્રયોગખોરી આદરી સાહિત્યની નિરામય સર્જનાત્મકતાને અળપાવી છે. સર્જક પોતાની કૃતિમાં આધુનિકતાપરક લક્ષણો ઉપજાવવા-ઉપસાવવા મથે છે. ખેંચીમરોડીને પોતાની કૃતિને આધુનિક કૃતિમાં ખપાવવા મથતા આવા સર્જકોની કૃતિ દુર્બોધતાને પામે છે. નિઃશકપણે દુર્બોધતા એ પણ આધુનિક સાહિત્યનું મહત્ત્વનું લક્ષણ છે પરંતુ એ દુર્બોધ નિરૂપણ પાછળ એક એવી સુબોધ સમજ હતી કે સાહિત્યકૃતિના ભાવન દરમ્યાન તદ્દન નિષ્ક્રિય રહેતી અને સર્જકના દિશાનિર્દેશ પ્રમાણે જ દોરવાતી અને આવા દિશાનિર્દેશની હરહંમેશ અપેક્ષા રાખતી ભાવકદષ્ટિને કૃતિભાવન સમયે સર્જનશીલ બનાવવી. ભાવયિત્રી પ્રતિભામાં રહેલાં સર્જનક્ષમ ગુણોને વિકસવાનો અવકાશ આપવો એવા સદાશય સાથે આ આધુનિક સર્જકો સાહિત્યકૃતિમાં દુર્બોધ લાગતું નિરૂપણ કરતા. પરંતુ પોતાને આધુનિકોમાં ખપાવવાના હેતુમાત્રથી જે સર્જકોએ દુર્બોધ લાગતા સાહિત્યનું નિરૂપણ કર્યું છે એમનું સાહિત્ય ખરેખર આંખમાં કણાની જેમ ખટકે છે. જો કે સર્જકપ્રતિભાની તેજસ્વીતા છૂપી નથી જ રહેતી. આવી મોકળાશને કારણે ક્યાંક ક્યાંક એ સર્જકપ્રતિભા ધ્રુવતારકની માફક ખીલી ઊઠી છે. તદનુસંધાને 'નિશાચક્ર' એ પણ એક સર્જનશીલ, પ્રયોગશીલ અને આધુનિક આબોહવાથી રસિત થયેલા સર્જકમાનસની નીપજ છે. તેમાં પણ આધુનિક સાહિત્યનું દુર્બોધતાનું લક્ષણ વર્તાય છે પરંતુ કિશોર જાદવને પોતાના વાચક-ભાવકોની સર્જનક્ષમ ભાવયિત્રી પ્રતિભ ા પર વિશ્વાસ છે. અને ખરેખર એમની આ કૃતિ દુર્બોધ હોવા છતાં રસપ્રદ છે.

'નિશાચક્ર' નાના નાના આઠ પ્રકરણોમાં રચાયેલી કૃતિ છે. આ કૃતિમાં નિરૂપાયેલા સ્થળ-સમયનો કોઈ ચોક્કસ ભૌતિક સંદર્ભ નથી મળતો. પરંતુ કૃતિમાં નિરૂપાયેલાં વર્ણનો, પાત્રોના નામ-ઠામ અને પહેરવેશ પરથી કહી શકાય કે આ રચનાની પશ્ચાદ્‌ભૂમાં પ્રા. ભોળાભાઈ પટેલ કહે છે તેમ "નગાપ્રદેશ અને પ્રજા"[૧] જીવનનો સંદર્ભ પડેલો છે. જો કે સર્જકને 'ઘટના' અને તેની ભૌતિક વાસ્તવિકતા કરતાં નાયકના ચેતનાવિશ્વના નિરૂપણમાં વિશેષ રસ જણાય છે. આ કૃતિમાં જે કોઈ ભૌતિક સંદર્ભો આવે છે એ પણ અનિવાર્ય હતા એટલા માટે જ આવે છે. નાયકનો અન્ય પાત્રો સાથેનો સંદર્ભ, નાયક જે સમાજમાં રહે છે એનો સંદર્ભ, સ્થળ કાળના વર્ણનમાંથી ઉપસતો ભૌગોલિક સંદર્ભ વગેરે તો નાયકના સંવેદનની અભિવ્યક્તિના નિમિત્તમાત્ર છે. સર્જક કિશોર જાદવ તો ભાવકને આવા કોઈ સ્થળ કાળના સંદર્ભભાન વિના જ નાયકની ચેતનામાં વિહાર કરાવવા માગે છે, નાયકના ચૈતસિક સંચલનોનો સંસ્પર્શ કરાવવા માગે છે.

નિશાચક્ર એ પ્રથમપુરુષ એકવચન એટલે કે 'હું'ના કથનકેન્દ્રથી લખાયેલી લઘુનવલકથા છે. લઘુનવલમાં ઐતિહાસિક ભૌગોલિક સંદર્ભોની વાત તો જવા દઈએ પણ નાયકને નામના સંદર્ભથી પણ તદ્દન મુક્ત રાખવામાં આવ્યો છે. નાયક પોતાની ઓળખ 'હું' તરીકે જ આપે છે. કથાસમય માત્ર સાત દિવસ (વિશેષતઃ રાતનો) જ વર્ણવાયો છે. નાયકની આ સાતેક દિવસ-રાતની ચેતનાયાત્રામાં વિહરતો ભાવક જીવનભર માટે એક અપૂર્વ સંવેદન-અનુભવનું ભાથું પ્રાપ્ત કરે છે. અત્રે નાયક પોતાની આત્મકથની કહે છે એમ કહેવા કરતાં તે ભાવકને સીધેસીધો પોતાના ચેતનાવિશ્વમાં જ આમંત્રે છે એમ કહેવું વધારે યોગ્ય છે.

અનંગલીલા, કમસાંગકોલા અને લાનુલા એમ ત્રણ સ્ત્રીઓ સાથે નાયકની સંવેદના જોડાયેલી છે. લઘુનવલના પ્રારંભિક પ્રકરણ 'પુષ્પપંખી' માં 'નિશાચક્રની પશ્ચાદ્‌ભૂ' રૂપે નાયકનું અનંગલીલા સાથે જોડાયેલું મધુર પ્રણયસંવેદન નિરૂપાયેલું છે. નાયક અનંગલીલા-ને ખૂબ ચાહતો હોય છે. અનંગલીલા પ્રત્યેના તેના મધુરપ્રણયસંવેદનનું નિરૂપણ પરિવેશવર્ણન દ્વારા સાંકેતિક રીતે થયેલું છે જુઓ "ત્યાં દૂર ટપાલનો લાલ ડબ્બો લોહીના ટપકાંની જેમ થરકતો હતો. તેની લગોલગ અનંગલીલાના રહેણાક આગળ સોનચંપાના વૃક્ષ પર, પંખીઓનાં જૂથ ગુમસૂમ બેઠાં હોય એવાં, પીળચટાં પુષ્પો લાગેલાં હતાં. ગોરમટી

માટી વડે રંગાયેલી ભીંતોમાંથી સુઘડતા સોઢતી હતી."[૨] અહીં પુષ્પો-પંખીઓની હાજરી એ અનંગલીલા માટે નાયકચિત્તમાં મહોરેલા પ્રણયસંવેદનનું સૂચન કરે છે. પરંતુ તેનું આ સુખ લાંબો સમય નથી ટકતું. નાયક અનંગલીલાના ઘરેથી પાછો ફરે છે ત્યારનું વર્ણન જોતાં તરત ખ્યાલ આવે છે કે અનંગલીલા નાયકના જીવનમાંથી દૂર-સુદૂર જતી રહી છે. જુઓ "શેરીના નાકે જતાં પૂંઠ ફેરવી જોયું તો પેલા લાલ ટપકાં પર ઝાંખપનું પોત ફર્યું હતું અને સોનચંપાની ડાળ પરનાં પીળાં પંખી ઊડી ગયાં હતાં."[૩] અહીં 'લાલ ટપકાં પર ઝાંખપ' અને 'પંખીનું ઊડી જવું' દ્વારા નાયક અને અનંગલીલા વચ્ચે સર્જાઈ રહેલા દૂરત્વનું સૂચન થયું છે. નાયકના જીવનમાં કંઈક એવું બને છે અથવા નાયકની જ કોઈ નબળાઈને કારણે પ્રેયસી અનંગલીલા તેનાથી વિદાય લે છે. અનંગલીલા નાયકથી દૂર જતી રહે છે એનું એક કારણ એ છે કે નાયક-નાયિકા વચ્ચે પ્રેમપત્રોની જે આપ-લે થઈ હતી એ પત્રો ભરેલી આખી મંજૂષા જ ગેરવલ્લે થઈ ગઈ હતી. અહીં અનંગલીલાના પ્રેમભાવ પ્રત્યે નાયકે દાખવેલી બેદરકારી સૂચવાઈ છે. પરંતુ હવે શું થાય ? 'અનંગલીલા....' હું બોલવા મથ્યો. 'તારા હાથ મડાની જેમ ઠંડા થતા જાય છે....'[૪] અહીં નાયક અને અનંગલીલા વચ્ચે કદી ન ભૂંસી શકાય એવી સુદૂરતા સૂચવાઈ છે. પ્રકરણના અંતે નાયક-નાયિકાની સુદૂરતા સૂચવાઈ છે એ આઘાતક તો છે જ પણ એ આઘાતને વધારે ચોટદાર બનાવવા માટે સર્જકે મૂકેલું છેલ્લું દશ્ય તો ઓર કલાત્મક છે. "મારા મોં સામે મંડરાયેલો કમસાંગકોલાનો મોટો ચહેરો મેં દેખ્યો. નમી પડતી છતની જેમ એનો દેહ મારા પર લળી રહ્યો હતો. બારીના પર્દાની ઝૂલને મેં આઘીપાછી કરી. બે પહાડો વચ્ચે આકાશવર્ણ ખૂલતો હતો."[૫] અહીં 'મંડરાયેલો' અને 'લળી રહ્યો' એ બે શબ્દો દ્વારા જ સ્પષ્ટપણે નાયકનો કમસાંગકોલા પ્રત્યેનો અણગમો છતો થાય છે.

પ્રિયતમા અનંગલીલાના જવાથી નાયકનું ચિત્ત વિચ્છિન્નતા અનુભવે એ સહજ છે. પરંતુ તે જેને ધિક્કારતો હતો, તેને જેના પ્રત્યે સખત અણગમો હતો એવી કમસાંગકોલા પત્ની તરીકે મળે છે ત્યારે તેની ચૈતસિક વિચ્છિન્નતા વધારે ઘેરી બને છે.

આ બધી ઘટનાઓ જોયા પછી મનોવિશ્લેષણાત્મક દષ્ટિએ જે કેટલાક પ્રશ્નો ઊભા થાય છે તે કંઈક આ પ્રમાણે છે : શા માટે નાયક અનંગલીલા સાથે નથી પરણી શકતો ? એમના ભગ્નપ્રણય માટે નાયકના વ્યક્તિત્વની કોઈ મનોવૈજ્ઞાનિક ઊણપ કારણભૂત છે કે

બાહ્ય પરિબળો ? કમસાંગકોલા જો નાયકને ગમતી સ્ત્રી ન હોય તો એ તેની સાથે પરણ્યો શા માટે ? સમાજ અથવા કોઈ બાહ્ય પરિબળોએ એને કમસાંગકોલા સાથે પરણવાની ફરજ પાડી છે ? કે એ સ્વેચ્છાએ એની સાથે પરણ્યો છે. એના આવા પગલાં પાછળ કયાં મનોવૈજ્ઞાનિક પરિબળો કારણભૂત છે ? જેના કારણે નાયકને સતત માનસિક ત્રાસ રહે છે એ કમસાંગકોલાને ત્યજી દેવાની, તરછોડી દેવાની ધમકી આપે છે પણ વાસ્તવમાં એવું શા માટે નથી કરી શકતો ? શું નાયક આત્મપીડન અને લઘુતાગ્રંથિથી પીડાય છે ? શ્રી ભરત પરીખે ''નિશાચક્ર' : એક વિશિષ્ટ સંવેદનાનું જગત' નામના અભ્યાસલેખમાં નાયકાના અનુસંધાનમાં આવા જ કેટલાંક સવાલો ખડા કર્યા છે જુઓ : "કમસાંગકોલા પ્રત્યેનો કથાનાયકનો આક્રોશ કે અણગમો એ આકસ્મિક નથી. ખરેખર તો કમસાંગકોલા બહુચરા છે એની કથાનાયકને જાણ છે. એના સાહેબની રખાત છે એવું તો નાયક ખુદ પોતે જ કહે છે. તે ઉપરાંત કમાન્ડરના ઓર્ડલી સાથે ઈત્યાદિ સાથેની તેની રમણવૃત્તિની નાયકને જાણ છે. અહીં પ્રશ્ન ઉદ્ભવે છે કથાનાયકને આ બધી જાણ હોવા છતાં તે શા માટે પરણે છે ? પરણીને શા માટે સંત્રાસ પામે છે ? મહત્ત્વની વાત ત્યાં છે કે કથાનાયક કશું કરી શકતો નથી. કરી શકવાને એ શક્તિમાન નથી. એવું લાગે છે કે આ સંત્રાસ વેઠવાનું એને ગમે છે. મનોવિજ્ઞાનની પરિભાષા વાપરીને કહેવું હોય તો કહી શકાય કે આત્મપીડનમાં રાચે છે. પોતે સામેથી પીડા વ્હોરે છે અને પીડિત થાય છે. આ આત્મપીડાના મૂળમાં કોઈ ભારે ઓથાર છે. એ ઓથાર છે મરણભીતિનો, એ ભીતિ માત્ર નાયકને નથી, નાયિકાને પણ છે. નાયિકા અર્થાત્ કમસાંગકોલામાં મહદ્અંશે પરપીડનવૃત્તિ છે. તે પોતાના પતિને પીડા આપે છે."[૬]

મનોવિશ્લેષણાત્મક દૃષ્ટિએ લઘુનવલના નાયકને લગતો સૌથી પેચીદો પ્રશ્ન એ છે કે શા માટે નાયક પ્રિયતમા અનંગલીલાને નથી પરણી શકતો ? તદનુસંધાને નાયકના વ્યક્તિત્વ સંદર્ભે એક સવાલ એ થાય કે અનંગલીલા નાયકને છોડી જાય છે એમાં નાયક ખુદ જ જવાબદાર છે કે કેમ ? નાયક અને અનંગલીલા વચ્ચે પ્રેમાલાપ અર્થે જે પત્રવ્યવહાર થાય છે એ પત્રોની મંજૂષા નાયકથી ગુમ થઈ જાય છે. આ દ્વારા નાયકનો અનંગલીલા પ્રત્યેનો પ્રણયભાવ શિથિલ છે એવું સૂચન થયું છે. બીજી બાજુ કેટલાંક સંકેતો એવા પણ મળે છે કે જે નાયક સ્ત્રીઓ (અનંગલીલા, કમસાંગકોલા અને લાનુલા) ની જાતીય ઈચ્છા સંતોષવામાં

અસમર્થ છે એવું પુરવાર કરે છે. અનેક પુરુષો સાથે સહશયન કરી ચૂકેલી કમસાંગકોલા પોતાના પતિ અર્થાત્ નાયક દ્વારા જાતીય સંતોષ નથી અનુભવી શકતી. લગ્ન પછી એક-બે દિવસમાં જ કમસાંગકોલા નાયકના સાહેબ સાથે સંભોગ કરતી જણાય એમાં એની કામતપ્ત મનોદશા ઉપરાંત પતિ દ્વારા અસંતુષ્ટ કામેચ્છાનું સૂચન પણ મળે છે. આગળ જતાં જોઈએ છીએ કે લાનુલા સાથે નાયક દેહસંબંધ બાંધે છે. પણ એ લાનુલા ય બીજા દિવસે સાકુબા સાથે સંભોગ કરતી જણાય છે. અહીં પણ નાયક તેની કામેચ્છાને નથી સંતોષી શક્યો એવા સંકેતો મળે છે. નાયક કમસાંગકોલા પ્રત્યે જે શંકાનો ભાવ સેવે છે અથવા ગમે તે પુરુષને જોતાં તેની સાથે કમસાંગકોલાને જાતીય સંબંધ હશે એવી કલ્પના કરી લે છે એમાં તેની લઘુતાગ્રંથિ સૂચવાય છે. આ લઘુતાગ્રંથિ પણ ઊંડે ઊંડે જાતીયપરિતૃપ્તિ માટેની તેની અસમર્થતા તરફ સંકેત કરે છે. સંભોગનો પ્રત્યક્ષ આનંદ લેવાને બદલે મનોમન તેનો આનંદ માણે છે એમાં પણ તેની આ પ્રકારની અસમર્થતા સૂચવાઈ છે. રાધેશ્યામ શર્મા તેમના ''એરોટિક' અને 'ઇગ્ઝોટિક' નિશાચક્ર' નામના અભ્યાસલેખમાં નાયકની આવી નિર્બળતા તરફ અંગુલીનિર્દેશ કરતાં નોંધે છે : "કૃતિમાં રંધાતા માંસ(પૃ. ૧૪), તળાતા માંસ (પૃ. ૧૯) સાથે માંસના સમોસા (પૃ. ૩૯) ખાવાની વાતો સપાટી પર દેખાય પણ ઊંડે ઊંડે મનુષ્યની સ્ત્રીશરીરવિષયક માંસભૂખનાં જ દૂરવર્તી ઈંગિતો આપે છે. નારીદેહનો (પ્રેયસી, પત્ની, પત્નીની બહેન, અન્ય સ્ત્રીઓનો) આગળ તરી આવતો ભાગ પ્રદર્શન પામ્યો છે તે સ્તનદ્વય, મબલક, ભરચક, જોરાવર, અઢળક જેવાં વિશેષણોથી નવાજાયેલા આ મુખ્યાંગ નાયકની ગુહ્ય નિર્બળતા તથા ગુપ્ત નપુસંકતાને અને નિરાશ્રયતાને છતી કરે છે. છતાં તેથી લેખક, નાયકમુખે 'હરામજાદી' 'રાંડ' બોલાવી નાયિકાને 'ખદેડી' મૂકવાની વાત મૂકાવે છે. નાયિકાની સંભવિત સ્વપ્નમાં હત્યા અને મધુરજનીના દશ્ય પૂર્વેનું એક વર્ણન નાયકની નિર્વીયરતાને આમ ચાક્ષુષ કરાવે છે :

'ક્ષય પામતી મીણબત્તીઓને લીધે ઓરડામાં તેજ કજળાતું જતું, પાંડુવર્ણુ બની રહ્યું હતું.''પીરોજિયા રંગની ઝાંય' – પાંડુરતાનો વર્ણ તો કૃતિના પ્રારંભિક પશ્ચાદ્ભૂમાંથી જ પ્રસ્તર્યો છે – જ્યાં પુષ્પો 'પીળચટાં' છે. અને પંખી પણ પીળાં છે ! નાયકના Claustrophobic જગતમાં સૂગ-ઊબ-ઊબકાના આવિષ્કારો કુદરતી છે. તે જાણે કે, 'બાંડા નાકવાળી નાયિકાને ચાહવા માટે ધિક્કારે છે અને ધિક્કારવા માટે વાંછે છે ! અહીં ઇડિપસ

ગ્રંથિની શક્યતા જોઈ શકાય એવી છે,' "[૭] ટૂંકમાં અનંગલીલા નાયકથી દૂર જતી રહે છે એમાં નાયક પોતે પણ જવાબદાર તો છે જ.

અનંગલીલાના ગયા બાદ નાયકના જીવનમાં કમસાંગકોલાનો પ્રવેશ થાય છે. કમસાંગકોલા અનેક પુરુષોનું પડખું સેવી ચૂકેલી સ્ત્રી છે. નાયકને તેના આવા ચરિત્રની જાણ છે જ. તે એના આવા ચરિત્રને ધિક્કારતો હતો. તે કમસાંગકોલાને સખત નફરત કરતો હતો, છતાં તે એની સાથે પરણવા તૈયાર થાય છે એ બાબત મનોવિશ્લેષણાત્મક તપાસ માટે આવશ્યક અવકાશ રચી આપે છે.

તે બંનેના લગ્નની સોગંદવિધિ દેવળમાં ન થઈ શકી કારણ કે બેઉ જણ 'ખરાબ' થયા હતા. અહીં 'ખરાબ' નો અર્થ બંનેની ચરિત્રહીનતા તરફ સંકેત કરે છે. તો લગ્ન થયાની સાંજે જ કમસાંગકોલા નાયકને કહે છે "હું તારું ઘર બનાવવા આવી છું - એને પોતાને કશી નિસ્બત ન હોય એવા સ્વરે એ બોલી - હું ઉપકારવશ હોઉં એવા હાવભાવસહ"[૮] કમસાંગકોલાના આ વિધાનથી નાયકના અહમ્‌ને ઠેંસ પહોંચે એ સહજ છે. એમાંય લગ્નની દાવતમાં આવેલા લોકોની વાતચીતના કેટલાક શબ્દો નાયકના કાને પડે છે એ તો નાયકના અહમ્‌ને જડમૂળથી હલાવી નાખે એવા છે, જુઓ "એની તોલે તો ના આવે ... કમાન્ડરનો ઑર્ડરલી તો કોઈ ફિલ્મનો ફાંકડો નાયક હતો."[૯] કમસાંગકોલાને કમાન્ડરના ઍર્ડરલી સાથે જગજાહેર જાતીય સંબંધો હતા. આ સંબંધને અનુલક્ષીને કેટલાક લોકો ઉપર્યુક્ત વિધાન બોલે છે. લોકોની આવી ટીખળથી નાયકના અહમ્‌ને ઠેંસ પહોંચે છે. પરિણામે નાયકના ચિત્તમાં જે ચૈતસિક સંચલનો જન્મે છે એનું સાંકેતિક વર્ણન જુઓ - "રસોડામાં ચીનાઈ રકાબીપ્યાલા ખખડ્યાં. બહાર મંડપ પર તાણેલો ચંદરવો હવામાં જોરશોરથી ઝીંકાતો હતો. કોઈના વાડામાં ભૂંડ ચિચિયારી નાખતાં રમખાણ મચાવતાં હતાં."[૧૦] નાયક આક્રોશમાં છે. તે તેના નિકટના સમોવડિયાને કહે છે "તેને હું ખદેડી મૂકીશ. હરામજાદી રાંડ..."[૧૧] જો ખડેદી જ મૂકવાની હોય તો એની સાથે પરણ્યો શા માટે ? આગળ એક જગ્યાએ કમસાંગકોલા નાયકને સંભળાવે છે - "તેં જબરદસ્તીથી મને ઘરમાં ઘાલી...."[૧૨] અહીં કમસાંગકોલા નાયક પર એવો આક્ષેપ કરે છે કે નાયક તેની સાથે જબરદસ્તીથી પરણ્યો છે. જે સ્ત્રીને વ્યક્તિ સખતપણે ધિક્કારતો હોય એ સ્ત્રી સાથે જ વ્યક્તિ જબરદસ્તીથી પરણે એમાં ચોક્કસપણે કોઈક ને કોઈક મનોવિશ્લેષણાત્મક પરિબળો

કારણભૂત હશે. યા તો એ સ્ત્રી જુઠ્ઠુ બોલતી હોય. આવા મનોવિશ્લેષણાત્મક પરિબળોને પછી તપાસીએ પહેલાં કૃતિમાં નિરૂપાયેલ મનોવૈજ્ઞાનિક ક્ષણોનું આચમન કરી લઈએ.

સવારે અચાનક કમસાંગકોલાના પિતા નાયક પર હુમલો કરે છે. તેણે ગાળો અને આક્રોશનો મારો ચલાવ્યો નાયક પર. ત્યાં કમાસાંગકોલા પણ બોલી ઊઠે છે : "'તું ટેઢા મનનો....તારા ઠીબા જેવું કાળોતરું તારું મન.....' કમસાંગકોલા વચ્ચે પડી. 'તેં જબરદસ્તીથી મને ઘરમાં ઘાલી...'"[૧૩] નાયક પરનો થયેલો આ આક્ષેપ તેને હતપ્રભ બનાવી દે છે. ક્યાં અનંગલીલાને દિલોજાનથી ચાહતો નાયક અને તેના ચિત્તમાં કંડારાયેલી અનંગલીલાની માનસછબિ અને ક્યા કમસાંગકોલાનું આવું કર્કશ અને જુઠ્ઠાણું વ્યક્તિત્વ. કમસાંગકોલા તેને દેવળમાં જઈ મન સાફ કરવાનું કહે છે. ત્યારે નાયક જે ઉત્તર આપે છે તેમાં કમસાંગકોલા પ્રત્યેનો તેનો તીવ્ર અણગમો અને નફરતનો ભાવ પ્રગટ થાય છે, જુઓ : 'દેવળમાં જવું અને વેશ્યાકર્મ કરવું – તારી સાથે, એમાં ફર્ક હું જોતો નથી...'[૧૪]

નાયકનું ચિત્ત રતિમય વિશેષ છે. લઘુવલમાં તેનું જે ચેતનજગત નિરૂપાયું છે તેના કેન્દ્રમાં તેનો કામભાવ જ રહેલો છે. તે કમસાંગકોલા સાથે જે વ્યવહાર કરે છે એમાં પણ તેનો કામભાવ જ કારણભૂત છે. તેની આવી કામતપ્ત મનોદશાને કારણે તે કોઈ પણ સ્ત્રીને જાતીયતાન સંદર્ભમાં જ જુએ છે. તે કમસાંગકોલા પ્રત્યે જે ક્રોધભાવ કે અણગમો વ્યક્ત કરે છે તેની પીઠિકામાં પણ તેની આવી માનસિકતા જ છે. તે લાનુલાને કામભાવની દષ્ટિએ જુએ છે ત્યારના એક દશ્યથી તેના રતિમૂલ મનોભાવોનો ખ્યાલ આવશે, જુઓ : "જોતજોતામાં તો 'ચીકન સૂપ' થી છલોછલ ભરેલો મગ લાનુલાએ મારી સમક્ષ લાવી મૂક્યો. એનાં બે ય ઠસ્સાદાર ગલોફાંમાં જાણે નર્યું હાસ્ય ભર્યું હતું. એના ગૌર સ્કંધ, બાંય વગરના કબ્જા તળે કપસીને બાંધેલાં જોરાવર સ્તન, ચિબુક નાક, સુગઠિત તરબતર અંગપ્રત્યંગ, થનગનતો મોહક દષ્ટિપાત-મારી સમીપમાં ઊભેલી એ તન્વીને દેખતાં હું રોમહર્ષિત થઈ ઊઠ્યો."[૧૫] નવલકથામાં સાદ્યંત નાયકની જે વેદના નિરૂપાઈ છે એ વેદના તેના રતિમૂલ માનસમાંથી રસાઈને આવેલી જણાશે.

લગ્ન નાયક અનાથ હોવાથી રીત-રિવાજ પ્રમાણે તેને કોઈકને બાપ બનાવવો પડે. કમસાંગકોલાને નાયકના સાહેબ સાથે અવૈધ સંબંધો હતા એ જાણતો નાયક પોતાના સાહેબને જ પોતાના પિતા બનાવવાનો પ્રસ્તાવ મૂકે છે જેથી કમસાંગકોલા એ પ્રસ્તાવ સંદર્ભે

કેવો પ્રતિભાવ આપે છે એ જોઈ શકાય અને સાહેબ અને એના વચ્ચે કેવા સંબંધો છે એ પાક્કુ થઈ જાય. જો કે આ ય સમગ્ર ઘટના એક રીતે જુઓ તો નાયકચિત્તમાં વિકસી રહેલી લઘુતાગ્રંથિની પરિચાયક છે.

કમસાંગકોલાને કમાન્ડરના ઑર્ડરલી સાથે પણ અવૈધ સંબંધો હતા. નાયકને એમના સંબંધો વિશે ખ્યાલ હતો. કમસાંગકોલા પોતાનો પતિ આ બાબતે શું વિચારે છે એ જાણવાના હેતુથી ઑર્ડરલીના મૃત્યુના સમાચાર નાયકને કહે છે. ત્યારે નાયક જે મનોમન વિચારે છે કે એ જીવતો હોય કે મરી ગયો હોય મારો એના વિશેનો ખ્યાલ નહિ બદલાય. અર્થાત્ ક્મસાંગકોલા અને ઑર્ડરલીના આડસંબંધો વિશે તે મક્કમ હતો.

નાયક, કે જેને પોતાની પત્નીના અનૈતિક સંબંધોની સૂગ છે પણ તે ખૂદ 'ચાંદનીના લંબચોરસ ટુકડા'રૂપી પોતાની સાળી લાનુલા સાથે આડસંબંધ રાખે છે. તેના જીવનમાં આવેલી આ ત્રીજી નારી છે. લાનુલામાં તેને અનંગલીલાનું સારુપ્ય જણાય છે. લાનુલાને સાકુબા સાથે પણ સંબંધ છે. નાયક નજરોનજર લાનુલા અને સાકુબાને સંભોગ કરતા જુએ છે પણ ત્યારે કશો પ્રતિભાવ નથી આપતો. એ જ રાતે લાનુલા નાયક સાથે પણ સહશયન કરે છે. લાનુલાને પોતા સિવાય અન્ય પુરુષો સાથે સંબંધ છે એ જાણતો હોવા છતાં નાયકને કશું નથી થતું અને તેની સાથે ફરી સંબંધ બાંદે છે. પણ એ સાકુબા સાથે પોતાની પત્ની કમસાંગકોલાને જોત તો શું થાત ? તો એ આ દશ્ય સહન કરી શકત. એટલે અહીં સવાલ કેવળ કમસાંગકોલાના ચરિત્રનો જ નથી, નાયકના ચરિત્રનો પણ છે. એથીયે આગળ જઈએ તો આ આખી બાબત સ્ત્રી-પુરુષના એકબીજાના માલિકીભાવ સાથે જોડાયેલી છે. કમસાંગકોલા નાયકની કાયદેસરની પત્ની છે. એ પત્નીને અન્ય પુરુષો સાથે સંબંધ હોય તો નાયક એ ન ખમી શકે. એવી જ રીતે નવલકથાનો અંત જુઓ. નાયક એ કમસાંગકોલાનો પતિ છે. કમસાંગકોલા ખૂદ બહુચરા છે પણ પોતાનો પતિ લાનુલા પ્રત્યે રાગાવેગ ધરાવે છે એ જાણતાં તરત તેના તેવર બદલાય છે. અંતમાં કમસાંગકોલા કહે છે "હું મરવાની નથી"[૧૬] તેનું આ વિધાન નાયક પરના તેના દઢ માલિકીભાવને વ્યક્ત કરે છે. લાનુલા નાયકને છોડી જતી રહે છે. નાયક પાછળ ફરી જુએ છે ત્યારે લાનુલા ત્યાં નહોતી. નાયક આ સદમોસહી શકે એમ ન હોવાથી બારી બહાત કૂદી પડે છે. નવલકથામાં સાદ્યંત જે આત્મપીડનવૃત્તિ અને મરણેચ્છાના ઈંગિતો નિરૂપાયા છે તે નવલકથાના આ અંતિમ દશ્યથી

ચરિતાર્થ થતાં જણાય છે. ડૉ. વિજય શાસ્ત્રીએ કિશોર જાદવની આ નવલકથાની મુખ્ય ૬ લાક્ષણિકતાઓ ખુબ જ બારીકાઈપૂર્વક અને પ્રત્યાયનક્ષમ રીતે તારવી આપી છે, જે આ પ્રમાણે છે :

૧. "રતિમૂલક ભાવવિવર્તોને તેમના પૂરા પરિમાણમાં ઉપસાવવા પ્રતીકાત્કમ અને સર્‌રિયલ શૈલીનો વિનિયોગ થયો છે.
૨. માનવીય સંદર્ભોને ચૈતસિક સંચલનોના Spring-Board તરીકે પ્રયોજવામાં આવ્યા છે.
૩. પરંપરાની નવલકથાઓમાં અમૂર્ત ભાવસ્થિતિઓને સ્પર્શક્ષમતા-Tangibility – અર્પવા સ્થૂળ પ્રસંગવિધાનની મદદ લેવાતી, એથી ઊલટું અહીં સ્થૂળ પ્રસંગવિધાન અને સૂક્ષ્મ ભાવબોધ, એનું સન્નિધીકરણ થયેલું છે.
૪. સંવેદનની પ્રકૃતિ એક જ રાખીને તેની વિવિધ, ક્યારેક પરસ્પર વિરોધી, સંકુલ, ભાવશબલ અને Bizarre તરેહોને ઓળખવા/આલેખવામાં લેખકને વધુ રસ છે.
૫. તત્સમ અને તદ્‌ભવ શબ્દપ્રયોગોનું બળ પૂરેપૂરું વરતાય એવો તેમનો પ્રયોગ થયેલો છે.
૬. અવૈધ સંબંધો અને જાતીય વ્યવહારોનું નિરૂપણ નિર્ભીકપણે થયું છે. છતાં મુદ્રા બીભત્સાની નહીં, સંત્રાસની ઊપસે છે."[૧૭]

## ૮.૩. : ઈડિપસગ્રંથિની શક્યતાઓ :

સામાજિક રીત-રિવાજ પ્રમાણે નાયકે પોતાના પિતા ન હોવાથી કોઈકને પિતૃત્વ ગ્રહણ કરવાની આવશ્યકતા ઊભી થાય છે. આ સંદર્ભે નાયક અને કમસાંગકોલા વચ્ચે થયેલો સંવાદ નાયકની કમસાંગકોલા પ્રત્યેની શંકા અને નફરતને તાદશ કરી આપે છે તો સાથે સાથે નવલકથામાં ઈડિપસગ્રંથિની શક્યતા પણ રચી આપે છે. આ આખો સંવાદ વિગતે જોવા જેવો છે : " 'તું નબાપો છે તે તારે કોઈને બાપ બનાવવો પડશે.'

મારે કોઈ શિરછત્રની હવે જરૂર હતી. તેથી પિતાગ્રહણ કરવા કમસાંગકોલાએ પ્રસ્તાવ રજૂ કર્યો.

'મારા સાહેબને જ રાખીએ તો કેમ...?'

'કંઈ ખોટું ન કહેવાય....' એની માએ સંમતિ આપી

મારો ઈરાદો બેઉ કળી ગયાં. આવો સંબંધ સ્થાપીને હું આમાન્યા ઊભી કરવા માંગતો હતો. પણ કમસાંગકોલા મારા પર દાઝે બળી - એમ કે કોઈ આંતરિક વેરભાવથી પ્રેરાઈને હું આવો માર્ગ અખત્યાર કરવા ઈચ્છતો હતો - એના પ્રત્યે મારી એવી ગ્રંથિઓ બંધાઈ હતી એટલે.

કરડાકીમાં મારી સામું એણે જોયું. 'તું ધારે છે એવું કશું જ નથી. મે'લ કાઢી નાખ...' કૂતરાંને ફેંકવા ધારેલી સફાચટ હડ્ડીઓ એણે ભાણામાં જોરથી ઝાપટી. એની માઠે અર્ધુંપર્ધું ખાઈ, ઊઠતાંકને ચાલતી પકડી.

'હું એમ કરીશ....' ભાવાવેશમાં હું આવી ગયો.

'મને ખુશી થશે....' મને દાહ આપવાના આશયથી એ મોટેથી બોલી.

'આ શું બે જણાંએ માંડ્યું છે ? મને એમ કે લગ્નની પાર્ટીમાં હું મોડી પડી. હાજર ના રહી શકી. તે થયું આ ભેટ લઈને ઘરમાં ઉજાણી જેવું...' લાનુલા અમને વારવા મથી.

'લાનુ, તારા તરફથી મુરઘાની ભેટ આવી આજે. ને કમસાંગકોલા તરફથી એનો સાહેબ....મારા બાપ તરીકેની અમૂલ્ય ભેટસોગાદ. ચાલો ઉજાણી કરીએ' લાનુલાનો સમભાવ સંપાદન કરવા ઈચ્છતો હોઉં એમ હું બોલ્યો."[૧૮]

નાયકના સાહેબ અને કમસાંગકોલાને આડસંબંધો હતા એવી નાયકને જાણ હતી. આથી, તે કમસાંકોલા સમક્ષ પોતાના સાહેબને જ પોતાના પિતા બનાવવાનો પ્રસ્તાવ મૂકે છે. નાયક જોવા માગે છે કે પોતાના પિતા તરીકે પોતાના સાહેબનું નામ સૂચવતા કમસાંગકોલા શું અનુભવે છે. તે પારખવા ચાહે છે કે હું મારા સાહેબ અને કમસાંગકોલાના સંબંધ વિશે જે ધારું છું એ ખરેખર સાચું છે ? પરંતુ તેની આ યોજનાથી જાણ્યે –અજાણ્યે ઈડિપસગ્રંથિની શક્યતાઓ ઊભી થઈ છે. જાણ્યે-અજાણ્યે પુત્રને તેની માતા સાથે સંબંધ સ્થપાય ત્યારે ઈડિપસગ્રંથિનો પ્રાદુર્ભાવ થયો ગણાય. અહીં પણ તમે જોઈ શકો છે કે કમસાંગકોલાને નાયકના સાહેબ જોડે આડસંબંધ તો છે જ. નાયક અને કમસાંગકોલાના લગ્ન થયાના બીજા જ દિવસે સાહેબ નાયકના રસોડામાંથી ભાગતા જોવા મળે છે. આ સાહેબ જો નાયકના પિતા બને તો એની સાથે આડસંબંધ ધરાવનાર કમસાંગકોલા નાયકની

માતા થઈ. તો વાત આખી એવી બને કે નાયકે પોતાની માતા સાથે લગ્ન કર્યા છે. આ રીતે અહીં ઇડિપસગ્રંથિની શક્યતાઓ રહેલી.

## ૮.૪. : લઘુતાગ્રંથિ :

પ્રસ્તુત લઘુનવલકથાનો નાયક લઘુતાગ્રંથિથી પીડાય છે. નાયક જે સ્ત્રી સાથે પરણ્યો છે એ કમસાંગકોલા અનેક પુરુષો સાથે અનૈતિક સંબંધો ધરાવે છે એ બાબત તેની લઘુતાગ્રંથિનું કારક પરિબળ છે. જે જે પુરુષ સાથે કમસાંગકોલાનું નામ ચર્ચાય છે અથવા ચર્ચાયું છે એમને જોતાં કે એમનું નામ સાંભળતા જ નાયક જે પ્રતિક્રિયાઓ આપે છે એ તેની લઘુતાગ્રંથિને પુરવાર કરે છે. આવા પ્રસંગોનું મનોવિશ્લેષણાત્મક દષ્ટિએ આચમન કરીએ.

નાયકને કમસાંગકોલા અને પોતાના સાહેબ વચ્ચે અવૈધ સંબંધ હોવાની જાણ છે. આથી જ્યારે જ્યારે સાહેબનો સંદર્ભ ધરાવતી વાત નીકળે કે તે ઊકળી ઊઠે છે. નાયક અનાથ છે. આથી, રસમ પ્રમાણે તેણે કોઈકને પોતાના પિતાપદે ગ્રહણ કરવા પડે. કમસાંગકોલા સાહેબને પિતા તરીકે સ્વીકારવાની સલાહ આપે છે અને સાહેબ અને પોતા વચ્ચે કોઈ અવૈધ સંબંધ નથી એવું પુરવાર કરવા નાયકને ડરાવતા કહે છે : "તું કહેતો હોય તો હું જ એમને બોલાવી લાવું..."[૧૯] આ સમયે નાયક અકળાઈને કહે છે : " 'જાને મોટા ઉપાડે બોલાવી લાવ તું. તને બહુ હરખ થશે...ફરંદી...' ઠક ભરી હું બહાર નીકળી ગયો – આપમેળે જ જઈને, મારા એ બાપને તેડી લાવવા-મારી પત્ની જેની રખાત હતી"[૨૦] અહીં નાયકની અકળામણનો અને તેના લઘુતાભાવનો ખ્યાલ આવે છે.

આ ઘટના બની એ જ દિવસે નાયક પોતાના સાહેબ અને કમસાંગકોલાના અવૈધ સંબંધને નજરો નજર જુએ છે. સાહેબ લપાતા-છૂપાતા નાયકના ઘરમાંથી ભાગે છે. એ દિવસે નાયક કમસાંગકોલા પ્રત્યે ઉદાસીન વર્તન દાખવે છે, તેની સાથે કશો શબ્દવ્યવહાર નથી કરતો. તેને અંદરથી 'સૂગનો ઉબાળ' ચઢી આવતો લાગે છે. દીવાલો ભમતી લાગે છે. અહીં કમસાંગકોલાને લીધે નાયકને લાગેલા જબ્બર આઘાતનું સૂચન મળે છે. નાયક કમસાંગકોલા સાથે સહશયનની કરવા જાય છે ત્યારે એ બંને વચ્ચે થયેલ સવાદમાંથી નાયકની લઘુતાગ્રંથિ અને અહમ્‌ને આઘાત પહોંચે છે જુઓ : "તેં મને રંડી કહી છે. એથી બદતર બીજું શું .....?'

'ક્યારે ? તારા સગલાને તો તરત તું ધરી દે છે....'

'તું લાજ શરમ વગરનો...નકટો...'

એનાં કુવેણે મારું સઘળું કૌવત જાણે હરી લીધું."[૨૧]

અહીં કમસાંગકોલા નાયકને સંભોગમાં સહકાર નથી આપતી એની પ્રતિક્રિયા રૂપે જે આક્રોશ ઠાલવે છે અને અન્ય પુરુષોને કમસાંગકોલા સહકાર આપે છે એવું સંભળાવે છે. તેના આ શબ્દોમાં ઊંડે ઊંડે પડેલી તેની લઘુતાગ્રંથિના સંસ્કારો જ જોવા મળે છે.

કમસાંગકોલા સાથે નાયક એની બહેનને ત્યાં જાય છે એ પ્રસંગ પણ નાયકના લઘુતાભાવને તાદશ કરી આપે છે. કમસાંગકોલાને પોતાની બહેનના પતિ એટલે કે બનેવી સાથે અનૈતિક સંબંધો હતા એવું નાયક જાણે છે. આથી નાયક એને જોતાં જ નાયકને જે વિચારો આવે છે એના મૂળમાં પણ તેના અચેતનમાં પડેલી લઘુતાગ્રંથિ છે. જુઓ પેલાને જોઈને નાયકને કેવા વિચારો આવે છે : "આવા ઠીંગણા બાંધાના મલ્લ સંભોગમાં બહુ બળિયા ઝાંકડા-પાવરધા હોય છે એવી મારી ગણતરી છે. જ્યારે મને સ્ત્રીઓને ફેરવવાનો બહુ મહાવરો નથી."[૨૨] અહીં પોતાની પત્નીને આ પુરુષ સાથે સંબંધ જે એ બાબતની જાણથી લઘુતાભાવ તીવ્ર બને છે એની સાથે સાથે એ પુરુષનું દૈહિક સૌષ્ઠવ પણ તેના લઘુતાભાવ માટે ઉદ્દીપક બાબત બની રહે છે.

## ૮.૫. : 'નિશાચક્ર'માં નિરૂપાયેલ સ્વપ્નપ્રયુક્તિ અને આત્મપીડનવૃત્તિ તથા મૃત્યુવૃત્તિના સંકેતો :

આ નવલકથાનું શીર્ષક જ છે 'નિશાચક્ર'. નવલકથાની મોટાભાગની ઘટનાઓ નિશા એટલે કે રાત્રે જ બને છે. જે ઘટનાઓ દિવસે બને છે એ સ્થૂલ કક્ષાની છે. રાત્રે સ્વપ્નો-દિવાસ્વપ્નોમાં ઘટતી ઘટનાઓની પૂર્વભૂમિકા રૂપે આ સ્થૂળ સામગ્રીનું નિરૂપણ થયું છે. આ સંદર્ભે ડૉ. ભરત પંડ્યાનું એક નિરીક્ષણ નોંધપાત્ર છે : "આ બધી સ્થૂળ વિગતોનું સ્વપ્નસૃષ્ટિમાં રૂપાન્તરિત કરીને કથાનાયકના ચિત્તમાં વિહરતી અતૃપ્ત ઈચ્છાઓ, ઝંખનાઓ, વાસનાઓ, આદિમવૃત્તિઓ, એકલતા વગેરેને ઉપસાવવા માટે સ્વપ્ન, દુઃસ્વપ્ન, દિવાસ્વપ્ન વગેરેનો ઉપયોગ થયો છે. અને એના દ્વારા નાયકની મનોદશા વ્યંજિત

થાય છે. આમાં સ્થૂળ વિગતોનું જે બાહ્ય વાસ્તવ છે તે તો માત્ર સ્વપ્નરૂપોની પૂર્વભૂમિકા રૂપે જ આલેખવામાં આવ્યું છે. નવલકથામાં આવશ્યકતા તરીકે જો વાસ્તવિક માનવસંદર્ભ ગણીએ તો તે પૂરું પાડવા માટે નાયકના લગ્નજીવનની કેટલીક સ્થૂળ ઘટનાઓ સર્જકે અહીં આપી છે. પણ એનું સ્થાન માત્ર નિમિત્ત પૂરતું જ છે. હકીકતે તો સ્થૂળ વિગતોને સ્વપ્નવિગતોમાં, ચૈતસિક અનુભૂતિમાં રૂપાંતરિત કરવા, આધાર તરીકે જ લેવાય છે."[૨૩] રાત્રે માણસ નિદ્રાધીન હોય છે. આ નિદ્રાધીન અવસ્થામાં આવતાં સ્વપ્નો એ વ્યક્તિના ચાચુંકલા માનસ અને તેના વાસ્તવિક વ્યક્તિત્વનું દર્શન કરવાનો સાચો માર્ગ છે. આથી સર્જકે પણ અહીં નાયકની વ્યક્તિત્વરેખાઓને સ્પષ્ટ કરવા સ્વપ્નોનો ખૂબ જ સર્જનાત્મક અને કામયાબ વિનિયોગ કર્યો છે. નાયક તેના સાહેબને પોતાના જ ઘરમાંથી નાસતા જુએ છે અને કમસાંગકોલાની મદન મેદભર દશા જુએ છે એ રાત્રે તેને એક સ્વપ્ન આવે છે એ સ્વપ્ન તેના અચેતન માનસ પ્રતિ ઈંગિત કરે છે. એ રાત્રે નાયકે ખૂબ દારૂ પીધો હતો. રાત્રે પત્ની કમસાંગકોલા સમક્ષ સહશયનની માંગણી દર્શાવી પણ કમસાંગકોલાએ સહકાર ન આપતા બંને વચ્ચે ઝઘડો થાય છે. આ ઝઘડો અને દિવસે બંનેલી ઘટનાઓના અનુસંધાનમાં નાયકને જે સ્વપ્ન આવે છે તે જુઓ : "વળી ઘોર તંદ્રામાંથી ઝબકીને હું બેઠો થઈ ગયો. ભીંતડામાં ભરાયેલું કોઈ રાની પશુ જોરશોરથી ગોથાં મારતું હતું. જડબું ઘસીને હાંફની ધમણ ફેંકતું હતુ. અંદરથી મેં હાકોટો કર્યો. એ સાથે એના ધમપછાડા બંધ પડ્યા. બહાર તમિસ્ત્રમાં એની ખરીઓનો ખબડાટ ઊઠીને દૂર થતો જતો શમી ગયો. ક્યાંક આઘે કૂતરાંએ ટહૂવાડ મચાવી મૂકી. બત્તી જલાવી. પણ કમસાંગકોલા સળવળી શુદ્ધા નહિ. એના ચહેરાસરસા રહીને ઝીણવટથી નિરીક્ષણ કર્યું. અધખુલ્લી મોંફાટમાંથી શરાબની તીવ્ર વાસ છૂટતી હતી. તેના સેવનની ગાઢ નિદ્રામાં ઘસઘસાટ એ ઘોંટાઈ ગઈ હતી. બીજા ઓરડાની મધ્યોમધ્ય મેં ઊંચું ટેબલ તાણ્યું. મકાનની કમાનમાં દોરડું સરકાવી, મડગાંઠ વાળી. ટેબલની પાટીથી ફાંસિયાની ઊંચાઈનું અંદાજે માપ કાઢ્યું. બોચી તળે અને બે ટાંગાઓ વચ્ચેથી એને અદ્ધર સમતોલ બાથમાં ઉઠાવી. હવે બંને બાહુઓમાં અસૂરું બળ વ્યાપી વળ્યું. હતું. અમારી પ્રણયક્રીડાઓ વેળા એને નગ્ન દેહે ઉપાડીને આમ ડોળી કરી ઝૂલવવાનો મને એ આગ્રહ કરતી. ને થઈ આવતી ગુદ્‌ગુદીને લીધે એ મુદિત બની ઊઠતી. ક્ષણપર્યંત એને ઉથડક ઊભી કરતાંવેંત પાછળ પીઠ પર ઊંચકી. મોંમાંથી ઝરેલું પ્રવાહી મારી ગરદન પર

ચોંટ્યું. પલંગ પર થઈને ટેબલ ઉપર ચઢવાની મથામણમાં પડ્યો. એકાએક વાંસા પર કોઈ દૈત્યનો થાપો ઠોકતાં, હલબલી ઊઠ્યો-કારમી ભીતિએ મને નખશિખ ગ્રસી લીધો હતો. જોયું તો દોરડાનું ગાળિયું મસ્તક પરથી મેં નીચે ઉતારી લીધું હતું ને ગાંઠ સેરવી કમસાંગકોલાને વછોડી દીધી. એક રાડ એના ગળામાં દબાઈ ગઈ. ટેબલ પર એના પગ અરુંપરું આવતા હતા. પણ સ્પર્શ થઈ શકતો નહોતો. ચાપકા પરથી ઊંચે થઈ લંબાઈને ગળાફાંસો લીધો હોય એમ અદ્દલ એનો બટકો દેહ ટીંગાઈ રહ્યો. ટેબલને ત્યાંથી હટાવી જરાક આઘું ખસેડી લીધું. એના હાથપગ વીંઝાતા તરફડાતા, આંચકા મારવા મથતા હતા. ડોળા તણાઈને આખો ચહેરો વિકરાળ બનતો જોયો. મારી કરોડજ્જુમાં ચાકુ ભોંકાયું હોય એવી દુઃસહ વેદના સળકી ઊઠી. જઈને પથારીમાં લોટપોટ સૂતો. ઊઘડતી સવારમાં ચકચાર ફેલાવાની હતી. ફફડાટના માર્યા પાસાં ઘસતો રહ્યો. અધરાતે, લમણાંમાં-છાતીમાં કોઈ હથોડા વડે ખીલા ઠોકતું હોય એવો તાડો ઊપડ્યો. મૂંઝારાને લીધે બહાર પગથાર પર આવી ઊભો. દૂરનું દેવળ બત્તીઓનાં ઝુમ્મરોથી ઝળહળતું, એક અવકાશી તેજપુંજ સમું ભાસતું હતું. ત્યાંથી માણસોની કાકલૂદીભરી ચિચિયારીઓ, પોકારો ઊઠતા સંભળાતાં હતાં. એમાં હડકાયા કૂતરાની જેમ જૈવાતૃક જાણે ભમતો હતો. અંદર ડોકાયો તો પેલા ખંડની વચ્ચોવચ્ચ શબ લટકતું ભાળ્યું. બખોલમાંથી આગળ નીકળીને ફાટી પડેલા નિર્જીવ ડોળા, તગતગતા હતા. એ જ રીતે જીભનો લોચો બહાર લબડી આવ્યો હતો. કમકમાં થઈ આવવા છતાં આ જુગુપ્સાભર્યું દશ્ય ફરી ફરી જોવું મને ગમતું હતું. એકાએક થયું, મારી દષ્ટિ સામે મારા ખુદના જ બે પગ ઝૂલતા હતા ને ઘોગળો ફાડીને હું ઘાંઘરવા મથ્યો. પણ જીવ તાળવે ચોંટીને વલખતો હતો.

'શું થયું છે ?' બૂમાટો પાડતી કમસાંગકોલા મારા મોં પર ઝૂકી પડેલી જોઈ. દેવળમાંથી ઊડતી કિકિયારીઓનું ટોળું, કાળા કાગડાઓની જેમ દિશાઓમાં ભાગતું મેં જોયું."[૨૪] નાયકને તંદ્રાવસ્થામાં આવેલું આ સ્વપ્ન તેના સમગ્ર ચેતનાવિશ્વને તાદશ કરી આપે છે. નાયકના વાસ્તવિક વ્યવહાર અને સ્વપ્નવ્યવહારમાં જે ભેદ છે તેમાંથી જ તેના વ્યક્તિત્વની સંકુલતાઓ સાકારિત થાય છે. વાસ્તવમાં જેને સખત ધિક્કારે છે એવી કમસાંગકોલાને તે વાસ્તવમાં જ કેમ નથી મારી શકતો ? મારી તો શું એને ખડેદી મૂકવાનું કહે છે એ ય નથી કરી શકતો. આવું કેમ ? નાયકના ચેતનાસ્તરે કમસાંગકોલાને મારવા તો

ચાહે છે, પણ એવું કરતો નથી. મનોવિશ્લેષણશાસ્ત્રની દષ્ટિએ કોઈપણ પુરુષ પોતાની પત્નીના પરપુરુષ સાથેના આડસંબંધો વિશે જાણે તો તે આવેશમય બની પત્નીની હત્યા કરે એ સહજ ઘટના છે. પતિ-પત્ની એકબીજા પ્રત્યે સખત માલિકીભાવ ધરાવતા હોય છે. નાયક પણ કમસાંગકોલા પ્રત્યે માલિકીભાવ ધરાવે છે. પણ સામાન્યતઃ જેવું બનવું જોઈએ તેવું કશું બનતું નથી. તે ઉગ્ર બને છે પણ તેની ઉગ્રતા ય શબ્દો દ્વારા જ વ્યક્ત થાય છે. ચેતનસ્તરે તેનું વલણ સહેજ પણ હિંસાત્મક નથી બનતું. આ બાબત તેની આત્પપીડન વૃત્તિની સંકેતક બની રહે છે. તે પોતાની જાતને પીડા આપવા ચાહે છે એટલે જ તે કમસાંગકોલાના ચારિત્ર્ય વિશે બધું જાણતો હોવા છતાં તેની સાથે પરણે છે અને પરણ્યા પછી યે કમસાંગકોલા પરપુરુષો સાથે આડસંબંધ રાખે છે એ જાણતો હોવા છતાં તેને કશું નથી કહેતો. કારણ કે અચેતનસ્તરેથી તે કમસાંગકોલા પાસેથી એવું જ ઈચ્છે છે. કમસાંગકોલા તેને પીડા આપે એમાં તેનો કોઈક આંતરિક રાજીપો છે. આ રાજીપાના મૂળ ક્યાંક અનંગલીલા સાથે પણ સંકળાયેલા હોઈ શકે. અનંગલીલા નાયકને ખૂબ ચાહતી. પણ નાયકે તેના પ્રેમની એટ લી કદર કરી નહીં અને તેને અનંગલીલા ગુમાવવી પડે છે. પોતે અનંગલીલાને અન્યાયર કર્યો એવા અપરાધભાવથી પ્રેરાઈને જ તે કમસાંગકોલા જેવી ચારિત્ર્યહીન સ્ત્રી સાથે પરણ્યો હશે. પોતે અનંગલીલાને કરેલા અન્યાયના પશ્ચાત્તાપ તરીકે તે આત્મપીડનનો માર્ગ અપનાવે છે. આ પીડા તેને કમસાંગકોલા દ્વારા મળે છે એટલે તે કમસાંગકોલાના બધા ત્રાસ વેઠે છે પણ તેના પ્રત્યે હિંસાત્મક વલણ નથી દાખવી શકતો. પરિણામે તેના ચેતનમાનસની તેની કમસાંગકોલાને મારવાની ઇચ્છા અચેતનમાં દબાઈ જાય છે. રાત્રે સ્વપ્નમાં એ ઇચ્છા પુનઃ સળવળે છે. નિદ્રામાં જાગ્રત મન નિષ્ક્રિય હોવાથી નાયક સ્વપ્નસ્તરે કમસાંગકોલાની હત્યા કરે છે. આમ, વાસ્તવમાં નાયકની કમસાંગકોલાની હત્યા કરવાની મનોવૃત્તિ સ્વપ્નમાં પૂરી થાય છે.

નાયક સ્વપ્નમાં કમસાંગકોલાની હત્યા કરે છે એય તેની આત્મપીડન વૃત્તિની સૂચક બની રહે છે. સ્વપ્નના અંતે કમસાંગોલાને સ્થાને નાયક પોતાની જાતને પેલા દોરડામાં લટકતી અને તરફડતી જુએ છે. નાયક શરીરથી ભલે જીવતોજાગતો લાગે પણ તે મનથી મરી રહ્યો છે. નાયકની આ મરણેચ્છાને મનોવિશ્લેષણશાસ્ત્રની પરિભાષામાં મૃત્યુવૃત્તિ – Death Instinct કહે છે. નવલકથામાં આગળ પણ નાયકની આવી આત્મપીડન વૃત્તિ અને

તેના મૂળમાં પડેલી મૃત્યુવૃત્તિનો સંકેત મળે છે. નવલકથાને અંતે નાયક લાનુલાને કહે છે : "આ બધું મારી ઇચ્છાને વશવર્તી બન્યું હોવું જોઈએ."[૨૫] અહીં પણ તે એકરાર કરતો જણાય છે કે જે કંઈ બને છે અથવા બન્યું છે એનાથી તે બરાબર વાકેફ છે. એટલું જ નહિ તે મનોમન એવું ઈચ્છી પણ રહ્યો હતો. આમ, આત્મપીડનવૃત્તિ અને એની પૃષ્ઠભૂમાં પડેલી મૃત્યુવૃત્તિ એ આ સ્વપ્નનું ચાલકબળ છે.

બીજું સ્વપ્ન, નવલકથાના ત્રીજા ખંડના અંતે નિરૂપાયેલું છે. પાર્ટીના પ્રસંગમાં કમસાંગકોલાની નખરાણી અદાઓ જોઈ નાયક અકળાઈ જાય છે. તે પાર્ટી છોડી ચાલ્યો જાય છે. સાંજે પાછો આવે છે ત્યારે બંને વચ્ચે ઝઘડો થાય છે. કમસાંગકોલા અકળાઈને ઓરડામાં જતી રહે છે અને દરવાજો અંદરથી બંધ કરી દે છે. નાયક દરવાજો ખોલવા ખૂબ ધમપછાડા કરે છે ઘટના જ કપોળકલ્પનામય બનતી જાય છે. એક જંગી રાની પશુને લોકો કાબુમાં કરવા મથામણ કરતા લોકો દર્શાવાયા છે. આ સ્વપ્ન નાયકની ઉછાળા મારતી કામવૃત્તિ અને તેમાં તેને મળતી નિષ્ફળતાનું સંકેતક બની રેહ છે. બીજી બાજુ આ સ્વપ્નમાં નિરૂપાયેલ પશુ અને તેને કાબુમાં લેવા મથતા માણસોનું ટોળું કમસાંગકોલાના અનેક પુરુષો સાથેના આડસંબંધો પર લગામ નાખવા મથતા નાયકના પ્રયાસો સાથે સાદશ્ય રચે છે.

પાંચમાં ખંડમાં તો એક સ્વપ્ન માત્ર નિરૂપાયું છે. સ્વપ્નમાં નાયક એક ટ્રેનમાં સફર કરી રહ્યો હોય છે. તેની સાથે કમસાંગકોલા પણ છે. સ્વપ્નમાં નાયકની આંખ લાગી જાય છે. જાગીને જુએ છે તો કમસાંગકોલા તેની સંગે નહોતી. તે ટ્રેનની એક બોગીમાંથી બીજી બોગીઓમાં જાય છે. આખી ટ્રેન ખાલી હોય છે. કોઈ માણસો હોતા નથી. એક બોગી પાસે પહોંચે છે. બોગીનો દરવાજો બંધ હોય છે. દરવાજાના કાંચમાંથી નાયક જુએ છે કે એક સિપાહી જેવો લાગતો પુરુષ એક સ્ત્રી સાથે કામક્રીડા કરી રહ્યો હોય છે. કમસાંગકોલાના અનૈતિક સંબંધોની નાયક ચિત્ત પર કેવી અસર થાય છે એ પણ આ સ્વપ્ન દ્વારા જોઈ શકાય છે. એ સિપાહીમાં ક્યારેક નાયકને પેલો ઓર્ડરલી જણાય છે જેના મૃત્યુ પામ્યાની જિકર કમસાંગકોલાએ કરી હતી, તો ક્યારેક એ પુરુષમાં નાયકને પોતાના સાહેબ દેખાય છે. સ્વપ્નના અંતે નિરૂપાયેલું દશ્ય જોવા જેવું છે : "ટ્રેનની સમાંતર બન્ને બાજુએ, હથિયારધારી ઘોડેસવારો પૂરપાટ દોડતા મેં જોયા. અપરંપાર ગતિએ જઈ રહેલી ટ્રેન જાણે બારુદનો ગોળો ફૂટતાંની સાથે ફુરચેફુરચા થઈ ઊડી જશે એમ લાગ્યું. ધોળાં ધુમ્મસનું પડળ ચોતરફથી

ઘેરાતું ટ્રેનને વીંટળાઈ વળ્યું હતું. એથી સૂર્ય જાણે હોલવાઈ ગયો હતો ને ઊડતા અંધકારના નળાકાર યાનમાં અમે પૂરાયાં હતાં. એન્જિનનો કારમો ફૂત્કાર નિર્જન દિશાઓમાં વાગતો પડઘાતો સંભળાયો. ટ્રેન પર ત્રાટકી પડવા યા તો વ્હારે ધાએલા ઘોડેસવારોની ડમરી અંધકારમાં વિલય પામી હતી ને ડબ્બાઓની આસપાસ આગની શિખાઓ લપેટાતી મેં દીઠી, ત્યારે અંદરથી બંધ કરેલો વચલો દરવાજો કેમે ય ખૂલતો નહોતો. તેના પર કમસાંગકોલા મરણિયા પ્રહારો કરી રહી હતી."[૨૬] અહીં આવતું ઘોડાઓનું પ્રતીક કમસાંગકોલાની કામાતુર ચરિત્રનું પરિચાયક છે. તો હોલવાતો સૂરજ, સર્વે દિશાઓમાં વ્યાપી વળતો અંધકાર અને એન્જિનનો કારમો ફૂત્કાર નાયકની ભ્રમિત મનોદશાના પરિચાયક બની રહે છે. ડબ્બાઓની આસપાસ લાગેલી આગ કમસાંગકોલાની પેલા સિપાહી જેવા પુરુષ સાથેની કામક્રીડાને નજરોનજર જોતા નાયકના ચિત્તમાં આકાર લઈ રહેલા ક્રોધાવેશનો પ્રતીકાત્મક નિરૂપણ બની રહે છે. એટલે જ છેલ્લે કમસાંગકોલા આ આગથી બચવાના મરણિયા પ્રયાસો કરતી દર્શાવી છે.

નવલકથા અને ખાસ કરીને સ્વપ્નોમાં પ્રયોજાયેલી ભાષા સર્જકની ભાષાનિરૂપણ-શક્તિનો હકારાત્મક પરિચય કરાવે છે. વાસ્તવમાં બનતી ઘટનાઓ અને સ્વપ્નોમાં ઘટતી ઘટનાઓ વચ્ચે ભાષાનિરૂપણની વિવિધ તરેહોને કારણે આવશ્યક દૂરત્વ સર્જાયું છે. વાસ્તવજીવનની ભાષા જીવાતા જીવનનો ધબકાર ઝીલે છે. જ્યારે રાત્રે આવતાં સ્વપ્નોની ભાષા, તેમાં નિરૂપાયેલા પ્રતીકો, કલ્પનો, ભાષાનો લય વગેરેને આધારે મનોવૈજ્ઞાનિક વાતાવરણ સર્જાવાનો પ્રયાસ થયો છે.

### ૮.૬. : ઉપસંહાર :

આમ, સર્જકે નવલકથામાં નિરૂપેલી રચનારીતિ, કૃતિનું સમગ્ર સંવિધાન વગેરે નાયકની મનઃસ્થિતિને તેની સંકુલતાઓ સમેત સાકારિત કરવામાં ખૂબ જ સહાયક નિવડ્યાં છે. કેટલાંક એવા પ્રસંગો પણ છે જે નવલકથામાં નિરૂપાયેલી મનોવૈજ્ઞાનિક ક્ષણો તરીકે ખૂબ નોંધપાત્ર છે. તેમ છતાં એક વાત ખૂચે છે કે લેખકે માનવચિત્તની વિવિધરંગી ચૈતસિક સંકુલતાઓને નિરૂપવાને બદલે માત્ર તેની એકરંગી, રતિમૂલક મનઃસ્થિતિને જ અત્રે કેન્દ્રમાં રાખી છે. પરિણામે ચિત્તની જે તંગ અને તાણથી ખીચોખીચ દશા હોય છે એવું વાતાવરણ

નવલકથામાં નથી ઉપસી આવ્યું. આ સંદર્ભે ડૉ. ભરત મહેતાનું એક નિરીક્ષણ ટાંકી પૂર્ણાહુતિ કરીશ : "કથાનાયકના ચિત્તની આ ભૂતાવળો રજૂ કરવા લેખકે સ્થૂળ અશ્લીલ કે જુગુપ્સક વિગતોનો ઉપયોગ કર્યો છે. સ્વપ્ન અને કપલકલ્પિતનાં દશ્યો નિર્માણ કરવામાં તેમની બળૂકી કલ્પનાશક્તિ અહીં લેખે લાગે છે. મર્યાદિત પ્રમાણમાં કલ્પનો અને પ્રતીકોનો વિનિયોગ પણ ચિત્તસ્પર્શી છે. કથાનાયકના ચિત્તની ગ્રંથિઓ આલેખવામાં લેખકને ઠીક ઠીક સફળતા મળી છે. અને છતાં આ કૃતિમાં માનવહૃદયનું એવું કોઈ ગહનતર સત્ય પ્રકાશિત થતું નથી, જે આપણા અંતરને સભર ભરી દે. સંવિધાન કે રચનારીતિનું, અંતે તો 'સાધન' લેખે જ મૂલ્ય હોઈ શકે."[૨૭]

## ૮.૭. : પાદટીપ :

૧. કિશોર જાદવ અધ્યયનગ્રંથ, સંપાદક : કિશોર જાદવ (પ્રા. ભોળાભાઈ પટેલનો અભ્યાસલેખ : 'નિશાચક્ર' માં પ્રવેશ); પ્રકાશન : પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; ૧લી આવૃત્તિ, ૨૦૦૬; પૃ. ૪૨

૨. નિશાચક્ર, કિશોર જાદવ; પ્રકાશન : રૂપાલી પબ્લિકેશન, અમદાવાદ; ૨-જી આવૃત્તિ, ૧૯૮૪; પૃ. ૬

૩. એજન; પૃ. ૭

૪. એજન; પૃ. ૧૧

૫. એજન; પૃ. ૧૨

૬. કિશોર જાદવ અધ્યયનગ્રંથ, સંપાદક : કિશોર જાદવ (ભરત પરીખનો અભ્યાસલેખ : 'નિશાચક્ર' : એક વિશિષ્ટ સંવેદનાનું જગત); પ્રકાશન : પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; ૧લી આવૃત્તિ, ૨૦૦૬; પૃ. ૭૩

૭. કિશોર જાદવ અધ્યયનગ્રંથ, સંપાદક : કિશોર જાદવ (રાધેશ્યામ શર્માનો અભ્યાસલેખ : 'એરોટિક' અને 'ઇગ્ઝોટિક' નિશાચક્ર); પ્રકાશન : પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; ૧લી આવૃત્તિ, ૨૦૦૬; પૃ. ૫૨

૮. નિશાચક્ર, કિશોર જાદવ; પ્રકાશન : રૂપાલી પબ્લિકેશન, અમદાવાદ; ૨-જી આવૃત્તિ, ૧૯૮૪; પૃ. ૧૬

૯. એજન; પૃ. ૧૭

૧૦. એજન; પૃ. ૧૭

૧૧. એજન; પૃ. ૧૮

૧૨. એજન; પૃ. ૧૯

૧૩. એજન; પૃ. ૧૯

૧૪. એજન; પૃ. ૧૯

૧૫. એજન; પૃ. ૨૧

૧૬. એજન; પૃ. ૯૬

૧૭. કિશોર જાદવ અધ્યયનગ્રંથ, સંપાદક : કિશોર જાદવ (ડો. વિજય શાસ્ત્રીનો અભ્યાસલેખ : 'નિશાચક્ર' - વિશે); પ્રકાશન : પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; ૧લી આવૃત્તિ, ૨૦૦૬; પૃ. ૭૧

૧૮. નિશાચક્ર, કિશોર જાદવ; પ્રકાશન : રૂપાલી પબ્લિકેશન, અમદાવાદ; ૨-જી આવૃત્તિ, ૧૯૮૪; પૃ. ૨૨

૧૯. એજન; પૃ. ૨૪

૨૦. એજન; પૃ. ૨૪

૨૧. એજન; પૃ. ૨૭

૨૨. એજન; પૃ. ૩૫

૨૩. રચનારીતિ : સંજ્ઞા અને સમ્પ્રત્યય, ભરત પંડ્યા; પ્રકાશન : પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; ૨-જી આવૃત્તિ, ૨૦૧૦; પૃ. ૧૧૦

૨૪. નિશાચક્ર, કિશોર જાદવ; પ્રકાશન : રૂપાલી પબ્લિકેશન, અમદાવાદ; ૨-જી આવૃત્તિ, ૧૯૮૪; પૃ. ૨૭

૨૫. એજન; પૃ. ૯૩

૨૬. એજન; પૃ. ૬૬

૨૭. ચાર નવલકથાકારો, ભરત મહેતા; પ્રકાશન : લેખક સ્વયં; પ્રકાશન વ્યવસ્થા : ડિવાઈન પબ્લિકેશન, અમદાવાદ; ૧લી આવૃત્તિ, ૨૦૦૬; પૃ. ૨૭૭